જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૭/૦૨/૨૦૨૩ સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૬૨/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૮ કેસ કરી, ૭૮ વ્યક્તિઓને ઝડપી, ૫૨૫ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૯૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ કાર, ૧ રિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૨૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૪,૧૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૩૬૩/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ સમાચાર યાદી નં.૩૬૪/૨૦૨૩

**ચાંદખેડાઃ** જીતરામ મોહનલાલ મીણા (ઉ.વ.૩૩)(રહે.પરમેશ્વર-૬, પંચશ્લોક ની બાજુમાં, ચાંદખેડા) એ તા.૨૬/૦૨/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૨/૨૦૨૩ સાંજના ૪/૩૦ થી તા.૨૪/૦૨/૨૦૨૩ રાતના ૯/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.પી.પટેલ ચલાવે છે.

## ડુબી જતા મૃત્યુઃ સમાચાર યાદી નં.૩૬૫/૨૦૨૩

**નારોલઃ** વનાભાઇ અરજણભાઇ (ઉ.વ.૬૨) (રહે. શ્રીનગર નારોલ કોર્ટ પાછળ અંબુજા ફેકટરી પાસે નારોલ) તા.૨૬/૦૨/૨૦૨૩ કલાક ૧૧/૦૦ વાગ્યા પહેલા નારોલ હાઇફાઇ ચાર રસ્તા પાસે હાઇફાઇ ફ્લેટની બંધ સ્કીમમાં સાઇટની અંદર બકરૂ ચરતા ચરતા પાણીમાં પડી જતા તેને બચાવવા સારૂ પાણીની ટાંકીમાં પડતા પાણીમાં ડુબી જતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુ:** **સમાચાર યાદી નં.૩૬૬/૨૦૨૩**

**વટવા જીઆઇડીસીઃ** વટવા જીઆઇડીસી કિરણ બસ સ્ટેશન પાસે કાસ્ટવેલ ફાઉંડી કંપનીના રૂમમાં પ્લોટ-૪૬/એ ફેઝ-૧ ખાતે કામ કરતા અને ત્યા જ રહેતા દિપકકુમાર રામપ્રસાદ (ઉ.વ.૩૨) (મુળ વતન. ગામ-લોધીપુર ઉતરાવા તા-ધલમઉ જી-રાયબરેલી થાના-લાલગંજ ઉત્તરપ્રદેશ) તેમજ તેમના ભાઈ રાજારામ તા.૨૫/૦૨/૨૦૨૩ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે કંપનીમાં ટેબલ ઉપર ચઢી ધાતુની પરખ સળીયા વડે તોડતા ટેન્કના નીચેના ભાગે લીકવીડ ધાતુ ગેસ ઉત્પન્ન થતા ભઠ્ઠીમાં ગરમ થયેલ લિકવીડ તેમના ઉપર પડતા બંન્ને દાઝી ગયા હતા. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા. સારવાર દરમ્યાન તા.૨૬/૦૨/૨૦૨૩ બપોરના ૧૨/૨૫ વાગે દિપકકુમારનું મૃત્યું નિપજયું હતું. આ અંગે વટવા જીઆઇડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.ચૌધરી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૩૬૭/૨૦૨૩**

**સોલા હાઇકોર્ટઃ** પૃથ્વીભાઇ વિનોદભાઈ પ્રજાપતિ (ઉ.વ.૨૩)(રહે.મુક્તેશ્વર મહાદેવ મંદીરની સામે, સેક્ટર-૪, ચાણક્યપુરી) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૩ ના કલાક ૨/૫૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા રેલ્વે ટ્રેક ઉપર ટ્રેઇન નીચે પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેશસિહ નટવરસિહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** ગોપાલભાઇ દિનેશભાઈ વણઝારા (ઉ.વ.૨૫)(રહે.મણીલાલ લુહારની ચાલી રણછોડજી મંદિર સામે, ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૩ સાંજના ૫/30 વાગ્યા પહેલા પાલડી એન.આઈ.ડી પાછળ ઇલેકટ્રિક પોલ નંબર-JAWL-1725 અને JAWL-1724 ની વચ્ચે વોક-વે નજીક સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરેશભાઈ કાનજીભાઈ ચલાવે છે.

**શાહીબાગઃ** સોનલબહેન ભરતભાઇ પટણી (ઉ.વ.૧૯)(રહે."બી" કોલોની પાછળ ન્યુ લક્ષ્મીનગર ના છાપરા ઘોડાકેમ્પ રોડ શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૩ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે એસીડ પી લેતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૬/૦૨/૨૩ સાંજના ૫/૦૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.ગમારા ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** સુમિત્રાબહેન વા/ઓ હુકમસીંગ ભદોરીયા (ઉ.વ.૩૬)(રહે.મધુવન ગ્લોરી નવા નરોડા) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૩ ના કલાક ૯/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.રતન ચલાવે છે.

**અમરાઇવાડીઃ** લલીતાબહેન વા/ઓ તારાચંદ વણઝારા (રહે,શ્રમજીવી વસાહત શીવાનંદનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૬/૦૨/૨૦૨૩ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એંગલ સાથે ઓઢણી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જી.કે.આહિર ચલાવે છે.

**રામોલઃ** ચિરાગકુમાર કાંતિલાલ ભોરણીયા (ઉ.વ.૩૦)(રહે,કાશીનાથપાર્ક સોસાયટી ગેટ નંબર-૩ વસ્ત્રાલ રોડ) એ અગમ્ય કારણસર તા.૨૫/૦૨/૨૦૨૩ રાતના ૧૦/૦૦ થી તા.૨૬/૦૨/૨૦૨૩ ના કલાક ૯/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ  પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કાળુભાઇ ભુરાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી